# પશુઓના યોગ્ય સુમિશ્રિત આહાર માટે ખેડૂતો સાથે કરાર આધારિત મકાઈના પાકનું વાવેતર કરાવવું,સાયલેજ બેલ્સ બનાવવી તેમજ ટોટલ મિક્સ રાશન (ટી.એમ.આર)ની બેગ્સ બનાવી, પશુપાલકોના ખેતર સુધી પહોચાડવા માટે "એન્ટરપ્રીન્યોર*" પાસેથી

# EXPRESSION OF INTEREST માટે આમંત્રણ


બનાસકાંઠા જિલ્લાસહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ;પાલનપુર.
બનાસડેરી પોસ્ટ .બોક્સ નં-૨૦,પાલનપુર :૩૮૫૦૦૧ (ગુજરાત)
ફોન (૦૨૭૪૨)૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫,ફેક્ષ્ ૨૫૨૭૨૩
મેઈલ આઈ.ડી:**admin@banasdairy.coop**

# અનુક્રમણિકા


| ક્રમ નંબર | વિગત | પેજ નંબર |
|---|---|---|
| ૧ | જાહેરાત | ૩ |
| ૨ | એન્ટરપ્રીન્યુરે ભરવાની માહિતી | ૫ |
| ૩ | કરાર અને કામની શરતો | ૬ |
| ૪ | સક્ષમ ખેડૂત,કો-ઓપરેટીવ દૂધ.ઉ.સ.મંડળીઓ કે ફાર્મર પ્રોડ્યુસીંગ ઓર્ગનાઈઝેશને બનાસડેરી સાથે રહી કરાર મુજબની કામગીરીની વિગત | ૯ |
| ૫ | એન્ટરપ્રીન્યુરે ટેન્ડર કોપીમાં માહિતી (ભાવ) ભરવા માટેના પેજ નંબરની વિગત | ૧૦ (ક્રમ ન. ૭થી ) ૧૧ અને ૧૨ |

# ૧. જાહેરાત

**Banas Dairy**

**બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ ; પાલનપુર**
**બનાસડેરી પોસ્ટ .બોક્સ નં-૨૦,પાલનપુર :૩૮૫૦૦૧ (ગુજરાત)**
**ફોન (૦૨૭૪૨)૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫, ફેક્સ:૨૫૨૭૨૩**

**તા ૨૫.૦૭.૨૦૨૩**

પશુઓના યોગ્ય સુમિશ્રિત આહાર માટે ખેડૂતો સાથે કરાર આધારિત મકાઈના પાકનું વાવેતર કરાવવું,સાયલેજ બેલ્સ બનાવવી તેમજ ટોટલ મિક્સ રાશન (ટી.એમ.આર)ની બેગ્સ બનાવી, પશુપાલકોના ખેતર સુધી પહોંચાડવા માટે "એન્ટરપ્રીન્યોર*" પાસેથી

**EXPRESSION OF INTEREST માટે આમંત્રણ**

બનાસડેરી, ઉધમી અને સક્ષમ ખેડૂતો, પશુપાલકો અને બનાસડેરી વચ્ચે સુમેળ ભર્યું સંકલન સાધીને કરાર આધારિત મકાઈના પાકનું વાવેતર કરાવવા, તેમાંથી સાયલેજ બેલ્સ બનાવવા અને ત્યારબાદ સાયલેજ, સુકોચારો અને કોન્સન્ટ્રેટ/દાણનું બનાસડેરીના માર્ગદર્શન મુજબ મિશ્રણ કરી ટી.એમ.આર બેગ્સ બનાવી જરૂરિયાતમંદ ખેડૂતોના ખેતર સુધી પહોંચાડવા માટે રસ ધરાવતા *આર્થિક અને વિષય નિષ્ણાંત ખેડૂતો, દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ તથા ફાર્મર પ્રોડ્યુસીંગ ઓર્ગનાઈઝેશન (એફ.પી.ઓ) પાસેથી EXPRESSION OF INTEREST માટેની અરજીઓ સાદર આમંત્રિત કરે છે. ઉપર જણાવ્યા મુજબની કામગીરી તથા જવાબદારી સમજવા માટે અરજીકર્તા અમારી ઓફિસ સમય દરમિયાન વ્યક્તિગત મુલાકાત લઈ શકે છે અથવા તો બનાસડેરીની વેબસાઈટ www.banasdairy.coop પરથી પણ માહિતી ડાઉનલોડ કરી શકાશે. સંપૂર્ણ ટેકનિકલ વિગતો અને કામ પ્રમાણેના ભાવની, સીલબંધ ઓફર ૦૭ ઓગસ્ટ ૨૦૨૩ ના ૧૭.૦૦ કલાક સુધી ઉપર આપેલા સરનામે મળી રહે એ રીતે મોકલવાનું રહેશે.

**મેનેજીંગ ડિરેક્ટર**

તારીખ પ્રમાણે કાર્ય સુચી ,

| ક્રમ નં. | કાર્ય | તારીખ |
|---|---|---|
| ૧ | ટેન્ડર કોપી સાઈટ ઉપરથી ડાઉનલોડ કરવાની તારીખ | ૨૭.૦૭.૨૦૨૩ |
| ૨ | ટેલીફોનિક સ્પષ્ટતા કરવાની છેલ્લી તારીખ | ૦૬.૦૮.૨૦૨૩ |
| ૩ | ટેન્ડર કોપી જમા કરાવવાની છેલ્લી તારીખ (૧૭.૦૦ કલાક સુધી ) | ૦૭.૦૮.૨૦૨૩ |
| ૪ | આવેલ ટેન્ડર કોપી ખોલવાની તારીખ (૧૫.૦૦ કલાકે) | ૦૮.૦૮.૨૦૨૩ |

<u>સંપર્ક અધિકારીનું નામ</u> :

(૧)ડૉ અશોક પી પટેલ – ૯૪૨૯૪૦૭૫૪૬

(૨)શ્રી બલવીરસિંહ - ૭૮૩૮૮૪૪૨૬૩

(૩)ઈન્ટરનલ નં.૦૨૭૪૨-૨૫૩૮૮૧ થી ૮૫ (એક્ષટેન્શન નં ૩૪૪/૩૨૯)

<u>ટેન્ડર કોપી જમા કરાવવા માટે તેમજ અન્ય માહિતી માટેનું સરનામું,</u>


બનાસકાંઠા જિલ્લાસહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ;પાલનપુર.

બનાસડેરી પોસ્ટ .બોક્સ નં-૨૦,પાલનપુર :૩૮૫૦૦૧ (ગુજરાત)

ફોન (૦૨૭૪૨)૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫,ફેક્ષ્ ૨૫૨૭૨૩

મેઈલ આઈ.ડી:**admin@banasdairy.coop**

<u>એન્ટરપ્રીન્યુરે ભરવાની માહિતી</u>

તા.

(૧) એન્ટરપ્રીન્યુરનું નામ:.......................................................................................
અથવા
એન્ટરપ્રીન્યુર જે નામ હેઠળ સાયલેજ,ટી.એમ.આર બનાવવા માંગતા હોય તે નામ:
.............................................................................................................
(૨)મોબાઈલ નં.........................................................
(૩)ગામનું નામ:................................................
(૪)તાલુકાનું નામ:..............................................
(૫)પ્રોજેક્ટમાં ક્યાં સુધી ઉમેદવારી કરવા માંગો છો.
અ)સાયલેજ બેલ્સ બનાવવા સુધી (હા/ના)................
બ)ટી.એમ.આર બેગ્સ બનાવવા સુધી (હા/ના).............
(૬) એન્ટરપ્રીન્યુરે પોતાના માટે તથા પ્રોજેક્ટ બાબતનો પોતાનો અનુભવ લખવો.
..............................................................................................................................
..............................................................................................................................
..............................................................................................................................
..............................................................................................................................
..............................................................................................................................
(૭) એન્ટરપ્રીન્યુર પોતે એક સીવાય અન્ય કેટલા યુનીટ, પ્રોજેક્ટ અંતર્ગત લેવા માગે છે?
............................................................................................................................
(૮) પ્રોજેક્ટ અંતર્ગત મશીન ખરીદીમાં બનાસડેરીનું માર્ગદર્શન લેવા માંગો છો?..............................................
(૯) પ્રોજેક્ટની શરતો અને અમારા પોતાના ભાગે આવતી કામગીરી અમે વાંચી છે અને દરેક તબક્કે ગણતરી પૂર્વકના પોષાતા ભાવ અમો એ ભરેલ છે, છતાં પણ બનાસડેરી કામગીરીના જે આખરી (નેગોસીયેટ) ભાવ રાખશે તે અમોને માન્ય રહેશે જે બદલની અમે એન્ટરપ્રીન્યુર નીચે સહી સિક્કો મારી આપીએ છીએ.

## પશુઓના યોગ્ય સુમિશ્રિત આહાર માટે ખેડૂતો સાથે કરાર આધારિત મકાઈના પાકનું વાવેતર કરાવવું,સાયલેજ બેલ્સ બનાવવું તેમજ ટોટલ મિક્સ રાશન(ટી.એમ.આર ) ની બેગ્સ બનાવી જરૂરિયાતમંદ ખેડૂતના ખેતર સુધી પહોચાડવા માટે રસ ધરાવતા સક્ષમ એન્ટરપ્રીન્યોર માટેના કરાર અને કામની શરતો.

(૧)ખેડૂતો સાથે કરાર આધારિત મકાઈના પાકનું વાવેતર કરાવવું, સાયલેજ બેલ્સ બનાવવી અને ત્યારબાદ સાયલેજ,સુકોચારો અને કોન્સન્ટ્રેટ/દાણનું બનાસડેરીના માર્ગદર્શન મુજબ મિશ્રણ કરી ટી.એમ.આર બેગ માટે, જરૂરી યોગ્યતા ધરાવતા સક્ષમ ખેડૂતો,કો-ઓપરેટીવ દૂધ ઉ.સ.મંડળીઓ તથા ફાર્મર પ્રોડ્યુસીંગ ઓર્ગેનાઈઝેશન (એફ.પી.ઓ) આ કામ માટે અરજી કરી શકે છે.

(૨)સક્ષમ ખેડૂતો,કો-ઓપરેટીવ દૂધ ઉ.સ.મંડળીઓ તથા એફ.પી.ઓ(જેમનો આગળ ઉપર એન્ટરપ્રીન્યોર તરીકે સંબોધન કરીશું.) માટેની યોગ્યતા અને કરવાના કામની શરતો.

**અ) એન્ટરપ્રીન્યોર માટે આર્થિક સદ્ધરતા:-**
એન્ટરપ્રીન્યોર ઓછામાં ઓછુ ૧ કરોડ રૂપિયાનું રોકાણ કરી શકે એવી આર્થિક સદ્ધરતા હોવી જોઈએ જે અંગેના જરૂરી આધાર પુરાવા બનાસડેરીને આપવાના/બતાવવાના રહેશે.

બ) એન્ટરપ્રીન્યોરએ બનાસ ડેરી દ્વારા ફાળવેલ કાર્યક્ષેત્રની ભૌગોલિક પરિસ્થિતિથી સારી રીતે પરિચિત હોવા જોઈએ.

ક) એન્ટરપ્રીન્યોરની સાયલેજ બેલ્સ / ટી.એમ.આર બેગ્સ બનાવવા માટેના કામના અનુભવ બાબતે:-

એન્ટરર્પ્રીન્યોર ખેતીવાડી સાથે જોડાયેલ હોય અને ઘાસચારા અંગેનું જ્ઞાન ધરાવતા હોય એ અનિવાર્ય છે તથા બનાસડેરી તેમજ તેને લગત વિષય તજજ્ઞો દ્વારા સમયાંતરે આયોજિત મીટીંગમાં એમણે હાજરી આપવાનું અનિવાર્ય રહેશે.

ખ) એન્ટરર્પ્રીન્યોર માટે સાયલેજ બેલ્સ / ટી.એમ.આર બેગ્સ બનાવાવવું એ મુખ્ય ધંધા તરીકે સ્વીકાર્ય હોવું ફરજીયાત છે તેમજ જરૂર પડે એ પ્રમાણે મજુરોની સગવડ કરી શકે તે માટે સક્ષમ હોવા જોઈએ.

ગ)ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસીલીટી:- એન્ટરર્પ્રીન્યોર પાસે સાયલેજ બેલ્સ / ટી.એમ.આર બેગ્સ બનાવવા માટે તેમજ સંગ્રહ કરવા માટે ૫૦૦૦ ચો.ફૂટનું ગોડાઉન/શેડ/ખુલ્લી જમીન હોવી જરૂરી છે, કે જ્યાં ફોર વ્હીલર સાધન સહેલાઈથી આવન-જાવન કરી શકે અને તે મુખ્ય રસ્તા સાથે મળતું હોય એવું હોવું જોઈએ.

ઘ)એન્ટરર્પ્રીન્યોરે સાયલેજ બેલ્સ બનાવીને એગ્રીમેન્ટમાં નક્કી કરેલ ભાવ મુજબ બનાસડેરીને આપવાનું રહેશે અને જો ટી.એમ.આર. બેગ્સ બનાવવા સુધીના કરાર કરે છે તો, ટી.એમ.આર.બેગ બનાવી બનાસડેરી દ્વારા અપાયેલ ખેડૂતોના લીસ્ટ મુજબ તેમના ખેતર સુધી પોતાના સાધનમાં પહોંચાડવાનું રહેશે.

ચ) એન્ટરર્પ્રીન્યોરે બનાસ ડેરીની માર્ગદર્શિકા મુજબ સાઈલેજ ઉત્પાદન માટે મકાઈના પાકનું કોન્ટ્રાક્ટ ફાર્મિંગ કરાવવાનું રહેશે અને બનાસ ડેરીની માર્ગદર્શિકાના કોન્ટ્રાક્ટ ફાર્મિંગના નિયમો અને શરતોનો કોઈપણ ઉલ્લંઘન વિના પાલન કરવાનું રહેશે

છ) એન્ટરર્પ્રીન્યોરે વર્ષમાં બે વખત મકાઈનો પાક મળી રહે તે માટે ખેડૂતો સાથે સુમેળ ભર્યું વાતાવરણ ઉભું કરી કોન્ટ્રાક્ટ ફાર્મિંગનું આયોજન કરવાનું રહેશે

જ)મકાઈના પાકની સારી ગુણવત્તા મેળવવા માટે એન્ટરર્પ્રીન્યોરે તેના કરાર કરેલા ખેડૂતોને જરૂરી કૃષિ ઈનપુટ્સ જેવાકે, હાઈબ્રિડ મકાઈના બિયારણ, નિંદામણ નાશક દવાઓ, પેસ્ટ કંટ્રોલ દવાઓ, માઈક્રો મીનરલ કે જૈવિક ખાતરો વિગેરે પ્રદાન કરશે, જેના માટે એન્ટરર્પ્રીન્યોરે અગાઉથી બનાસડેરી પાસે ઈન્ડેન્ટ/માગણી મૂકવાની રહેશે અને બનાસડેરી રેટ કોન્ટ્રાક્ટ કરેલ ભાવથી તે પૂરું પાડશે

ટ) એન્ટરર્પ્રીન્યોરે બનાસડેરીની ટીમની સુચના મુજબ મકાઈના પાકના સમયાંતરે (બનાસ ડેરીના ક્વોલીટી વિભાગને )જરૂર હોય તે મુજબના નમુના તેમજ તૈયાર સાયલેજ કે ટી.એમ.આર. ના નમુના કેટલફીડ લેબમાં ચકાસણી અર્થે મોકલી આપવાના રહેશે.

ઠ)બનાસડેરી,એક ગાંસડી અથવા સંપૂર્ણ લોટના, કોઈ કારણસર (ક્વોલીટી બાબત કે તૂટેલીકે કાણું પડેલ હોય તેવી ગાંસડી) અસ્વીકાર થાય છે તો, તે ગાંસડી કે તે સંપૂર્ણ લોટનું પેમેન્ટ એન્ટરર્પ્રીન્યોરને ના આપવા માટેની અબાધિત સત્તા ધરાવે છે અને તે એન્ટરર્પ્રીન્યોરને મંજુર રાખવાનું રહેશે.

ડ)એન્ટરપ્રીન્યોરે ભાડે રાખેલા/તૈનાત માનવબળ અને મશીનરીને માટે સંજોગોવસાત કોઈ  કાયદાકીય અને સલામતીની  જરૂરિયાતો ઉભી થાય છે,તો તે માટે બનાસડેરી જવાબદાર રહેશે નહી.

ઢ) ટી.એમ.આર માટેની યોગ્યતા ધરાવતા એન્ટરપ્રીન્યોર અગર  સાઈલેજ માટે, મકાઈની કોન્ટ્રાક્ટ ફાર્મિંગ હાથ ધરવામાં અસમર્થતા બતાવે છે તો,તેવા કિસ્સામાં, એન્ટરપ્રીન્યોર બનાસ ડેરી પાસે  સાઈલેજના પુરવઠા માટે ઈન્ડેન્ટ મૂકી શકે છે. બનાસડેરી તેના કરારમાં નક્કી કરેલ વેચાણ ભાવ મુજબ સાઈલેજ આપશે જે માટેનો થતો ટ્રાન્સપોર્ટ ખર્ચ  સાઈલેજલેનાર એન્ટરપ્રીન્યોરે જાતે ઉપાડવાનો રહેશે.

ણ)સાયલેજ બેલ્સ / ટી.એમ.આર બેગ્સ બનાવવા સુધીની તમામ ટ્રાન્સપોર્ટેશન વ્યવથા તેમજ ટ્રાન્સપોર્ટેશન ખર્ચએન્ટરપ્રીન્યોરે જાતે કરવાનો રહેશે

ન) તૈયાર થયેલ ટી.એમ.આર બેગ્સ, બનાસડેરી દ્વારા નક્કી કરેલ નજીકના ૨૫ થી ૩૦ કી.મી. અંતર સુધીના ખેડૂતોના ખેતર સુધી પોતાની  ટ્રાન્સપોર્ટેશન ચેનલ દ્વારા પહોચાડવાનું રહેશે

(૩) <u>બનાસ ડેરીના કાર્યક્ષેત્રમાં આવતું કામ</u>.

અ)બનાસ ડેરી, ઉદ્યોગસાહસિકોનેખેડૂતના ખેતરથી લઈનેસાઈલેજ/ટી.એમ.આર  બનાવવા સુધીની તમામ તકનીકી કુશળતાપ્રવર્તમાન સમયની નિષ્ણાત કંપનીના સહયોગથી સાથે રહી  પ્રદાન કરશે

બ) સાયલેજ બેલ્સ / ટી.એમ.આર બેગ્સ માટે જરીરી તમામ ટેકનીકલ એટલેકે મશીનરીને લગતું માર્ગદર્શન પૂરું પાડશે તેમજ તે માટે જરૂરી આર્થિક સહયોગ લોન સ્વરૂપે/નેશનલ લાઈવ સ્ટોક મિશન દ્વારા મળતી સહાય  સ્વરૂપે મળવા પાત્ર હશે તો, તે  માટે એન્ટરપ્રીન્યોર સાથે રહી તે  મળી રહે એ માટેના પ્રયત્ન કરશે.

ક) ખેડૂતો સાથે કોન્ટ્રેક્ટ ફાર્મિંગ કર્યા પછી જરૂરી બિયારણ, ફર્ટિલાઈઝર ઉદ્યોગસાહસિકે આપેલ ઇન્ડેન્ટ/ઓર્ડર મુજબ બલ્કમાં તેમજ ક્વોલીટીમાં સારું હોય તેવી ખરીદી કરવામાં સહકાર આપશે.

ખ)બનાસડેરી મકાઈના પાકની સાઈલેજ બનાવવા માટેના યોગ્ય સમયની તપાસ કરશે તથા  ઉદ્યોગસાહસિકે  આપેલ નમુનાની કેટલફીડ  લેબમાં   તપાસ કરશે

ગ) એન્ટરપ્રીન્યોરેબનાવેલ સાયલેજ બેલ્સ જો એન્ટરપ્રીન્યોર ટી.એમ.આર બનાવતા નથી તો,તે સાયલેજ બેલ્સ બનાસડેરી નક્કી કરેલ ભાવથી ખરીદ કરશે પરંતુ સાયલેજ બેલ્સ નિયત કરેલ ગોડાઉનમાં પહોચાડવાની જવાબદારી એન્ટરપ્રીન્યોરની પોતાની રહેશે.જયારે ટી.એમ.આર બેગ્સ બનાસડેરીએ આપેલ યાદી મુજબ ખેડૂતના ખેતર સુધી એન્ટરપ્રીન્યોરે પોતાની વાહન વ્યવસ્થામાં પહોંચાડવાનું રહેશે.

ચ)તૈયાર ટી.એમ.આર બેગ્સ નિયત એરીયાના નિયત કરેલ ખેડૂતોનું લીસ્ટબનાસડેરી એન્ટરપ્રીન્યોરને પહોચાડશે.

<u>બિલ રજુ  કરવાના નિયમો:-</u>

એન્ટરપ્રીન્યોરે પખવાડિયા દરમિયાન પેક અને સ્ટૅક કરેલા સાયલેજના જથ્થાનું વજન કરીને તે અનુસારનું બિલ ૧૦ દિવસના અંતરાલમાં બનાસડેરી કેટલફીડ વિભાગ પાલનપુરને આપવાનું રહેશે. ટી.એમ આર માટે, જયારે  પ્રોડક્શન થાય ત્યારે બેગ ઉપર તારીખ અને વજન લખી પ્રતિ દિવસનું કુલ વજન નોધી રાખી  તે ટી.એમ.આર. ડેરી એ નિયત કરેલ ખેડૂતના ખેતર કે ગોડાઉન ઉપર પહોચે પછી બનાસડેરી કેટલફીડ વિભાગ પાલનપુરને મોકલવાનું રહેશે. પેમેન્ટની ચુકવણી ઈનવોઇસ પ્રાપ્ત થયાની તારીખથી ૧૫ દિવસની અંદર કરવામાં આવશે અને દરેક બિલ માંથી ૧૦% રકમ પ્રોજેક્ટ સિક્યોરિટી ડિપોઝિટ તરીકે જમા રાખવામાં આવશે જે વર્ષાંતે પરત કરવામાં આવશે.

<u>કરાર માન્યતા</u>

આ કરાર રવિ અને ખરીફ સિઝન ૨૦૨૪ લઈને પાંચ વર્ષ સુધી માન્ય રહેશે.

**<u>ટેન્ડર કોપી જમા કરાવવા માટે</u>:**

ભરેલ ટેન્ડર કોપી જમા કરાવવા સમયે રૂ ૫૦૦.૦૦ તથા જી.એસ.ટી ૧૮% (નોન રીફંડેબલ)ના ડીમાંન્ડ ડ્રાફ્ટ "Banaskantha District Co-operative Milk Producers' Union Limited, payable at Palanpur" ના તરફેણની રસીદ બતાવવાથી ટેન્ડર સ્વીકાર્ય રહેશે.

<u>EMD (અર્નેસ્ટ મની ડિપોઝિટ)</u>

એન્ટરપ્રીન્યોરે રૂ.૧,૦૦,૦૦૦.૦૦ની અર્નેસ્ટ મની ડિપોઝિટ બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પાલનપુરની તરફેણમાં ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપેસબમિટ કરવાની રહેશે અને સફળતા પૂર્વક કામ કરેલ એન્ટરપ્રીન્યોરને તેની તમામ કોન્ટ્રાક્ટની જવાબદારીઓ પૂરી થાય ત્યારે સિક્યોરિટી ડિપોઝિટ કોન્ટ્રાક્ટની અંતિમ તારીખથી 30 દિવસની અંદર પરત કરવામાં આવશે.

<u>વિવાદનું નિરાકરણ અને ન્યાયક્ષેત્ર:</u>

કોઈપણ વિવાદના કિસ્સામાં, મેનેજિંગ ડિરેક્ટર ઓફિસનો નિર્ણય બંને પક્ષોને બંધનકર્તા રહેશે જયારે ન્યાયક્ષેત્ર પાલનપુર રહેશે.

## સક્ષમ ખેડૂત,કો-ઓપરેટીવ દૂધ.ઉ.સ.મંડળીઓ કે ફાર્મર પ્રોડ્યુસીંગ ઓર્ગનાઈઝેશને બનાસડેરી સાથે રહી કરાર મુજબની કામગીરીની વિગત

| | એન્ટરપ્રીન્યોરે કરવાના કામની વિગત | બનાસડેરીએ કરવાના કામની વિગત |
|---|---|---|
| ૧ | -ગામડા લેવલે રસ ધરાવતા ખેડૂતોની મીટીંગ કરવી<br>-કરાર સાથે મકાઈના પાકનું વાવેતર કરવા માગતા હોય તેવા ખેડૂતોનું લીસ્ટ બનાવવું તેમજ ખેડૂતની કેટલી જમીન કરાર અંતર્ગત સંપાદન થશે તેનું લીસ્ટ બનાવવું.<br>-ખેડૂત પાસે પિયતની સગવડ છે કે નહિ તે જોવું<br>-ખેડૂતને આગળ વાવેતર કરેલ પાકથી કેટલુ મળતર રહ્યું તેનું લીસ્ટ બનાવવું.<br>-કરાર કરવા માગતા ખેડૂતોની બેંક ડીટેઈલ એકઠી કરવી.<br>-ઈચ્છુક ખેડૂતો સાથે વાવેતર કરાર કરવો અને કરાર આધારિત જમીન અને ખેડૂતોની ગામ દીઠ તમામ માહિતી બનાસ ડેરીને આપવી. | |
| ૨ | મકાઈના બિયારણમાટે :-<br>એન્ટરપ્રીન્યોરે ગામદીઠ એકઠી કરેલ માહિતી અનુસાર, મકાઈના બિયારણ માટે જોઈતા જથ્થાનું ઈન્ડેન્ટ/માગણી મુકવાનીરહેશે. | બનાસડેરી બિયારણ વેચાતી કંપની સાથે રેટકોન્ટ્રાકટ કરશે અને જો, એન્ટરપ્રીન્યોર ઈન્ડેન્ટ મુકશે તો,તે પ્રમાણેના બિયારણના જથ્થાનું વેચાણ એને કરશે, પરંતુ ખેડૂતને આપણુંજ બિયારણ વાપરવું એવો ફોર્સ પાડવામાં આવશે નહિ.જેની સામે કંપની જરૂરી તમામ ટેકનીકલ માર્ગદર્શન સાથે રહી આપશે. |
| ૩ | -એન્ટરપ્રીન્યોર સમય સમય પર વાવેતર કરાવેલ ખેડૂતોની તેમજ પાકની મુલાકાત લેશે અને જરૂરી વૈજ્ઞાનિક માર્ગદર્શન આપશે | બનાસડેરી મકાઈના પાકના વાવાતેરથી સાયલેજ બનાવવા સુધીના તમામ લેવલે વૈજ્ઞાનિક અભિગમ સાથે સિદ્ધ થયેલ ટેકનોલોજીનો વપરાશ કરતી કંપની સાથે કોલોબ્રેશન કરી, એન્ટરપ્રીન્યોરની સાથે રહી ગામડા લેવલે ખેડૂતો લાભ લઈ શકે તે માટે મીટીંગ કરશે અને માર્ગદર્શન કરવામાં મદદ કરશે. |
| ૪ | -નિંદામણ નાશક દવા માટે /કીટનાશક દવા માટે /ખાતરમાટે:-<br>એન્ટરપ્રીન્યોરે, વાવેતર કરાવેલ કુલ જમીનની જરૂરિયાત મુજબની ગણતરી કરી નિંદામણ નાશક,કીટનાશક કે ખાતરની બનાસડેરી પાસે ઈન્ડેન્ટ/માગણીમુકવાનીરહેશે. | બનાસડેરી નિંદામણ નાશક,કીટનાશક કે ખાતર વેચતી કંપની સાથે રેટકોન્ટ્રાક્ટ કરશે અને જો એન્ટરપ્રીન્યોર જરૂરી મટેરીઅલનું ઈન્ડેન્ટ મુકશેતો, તે પ્રમાણેના જથ્થાનું વેચાણ એન્ટરપ્રીન્યોરને મળી રહે તેવું કરશે, પરંતુ ખેડૂતને આપણું જ ખાતર વાપરવું એવો ફોર્સ પાડશે નહિ. |
| ૫ | મકાઈના પાકની લણણી સમયે :- વાવેતરના સમયથી ૮૦± ૫ દિવસના અંતરાલમાં, બનાસડેરી અને એમ.ઓ.યુ કરેલ કંપની નક્કી કરે તે પ્રમાણે એન્ટરપ્રીન્યોરે ખેડૂતોના ખેતરમાંથી પાકની લણણી કરવાની રહેશે અને જો મકાઈના પાકની લણણીના ૮૫દિવસ કે તેના ઉપરના દિવસો માટે, એન્ટરપ્રીન્યોરે પ્રતિદિન રૂ.૧૦૦૦ દંડ પેટે ખેડૂતને આપવાના રહેશે. પાકની લણણી માટે જરૂરી તમામ મજુરોની સગવડ એન્ટરપ્રીન્યોરે કરવાનીરહેશે | બનાસડેરી અને એમ.ઓ.યુ કરેલ કંપની, મકાઈનો પાક લણણી માટે તૈયાર થયેલ છે કે નહિ તે,તેમજ કેટલામાં દિવસ પછી એન્ટરપ્રીન્યોરે ખેડૂતને દંડ ની રકમ આપવાની રહેશે તે નક્કી કરશે. |

| | | |
|---|---|---|
| ૬ | લણણી કરેલ તમામ મકાઈના બાયોમાસને એન્ટરપ્રીન્યોરે, નિયત કરેલ ગોડાઉન કે જગ્યા સુધી લાવવાની, તે બાયોમાસ ને ચોપ કરવું/મશીનમાં નાના-નાના ટુકડા કરવા,જરૂરી માત્રામાં બનાસડેરીના સુચન મુજબ કલ્ચર/દવા બાયોમાસમાં ભેળવવી તથા તે બાયોમાસને ૮૦કી.ગ્રા.ની સાયલેજ બેલ્સ બનાવવા સુધીની તમામ જવાબદારી એન્ટરપ્રીન્યોર ની પોતાની રહેશે | લણણી અને ચોપીંગનું કામ એન્ટરપ્રીન્યોરે કરવાના રહેશે જે કામ માટે જરૂરી મશીન,બનાસડેરી એન.એલ.એમ.યોજના અંતર્ગત ૫૦ % સહાયથી મળે તે માટે જરૂરી ડોક્યુમેન્ટેશન બનાવવામાં મદદ કરશે તથા બેંક લોન મળી રહે તેવા સાથે રહી પ્રયત્ન કરશે. જો, એન્ટરપ્રીન્યોરે બનાસડેરી કરાર આધારિત હાર્વેસ્ટર ખરીદે છે તો,બનાસડેરી હાર્વેસ્ટરને ઓપરેટ કરવા માટેની તેમજ ટ્રેક્ટર ચલાવવાની એમને ફીલ્ડટ્રેનીંગ આપશે. |
| ૭ | ખેડૂતપેમેન્ટ: એન્ટરપ્રીન્યોરે, ખેડુતના ખેતરમાંથી લણણી કરેલ મકાઈના બાયો માસના રૂ .......... પ્રતિ કિલો વજન પ્રમાણે આપવાના રહેશે. તેમજ ખેડૂતને આપેલ બિયારણ,ખાતર કે અન્ય તમામનો નીકળતો હિસાબ ખેડૂતના ખાતામાંથી કપાત કરવાના રહેશે. | ખાસનોધ :ખેડૂતની મકાઈનું આખરી વજન ચોપીંગ કર્યા પછી,વજનકાંટા ઉપર એન્ટરપ્રીન્યોરે કરવાનું રહેશે અને ખેડૂત તે સમયે હાજર રહેશે અને થયેલ વજન પ્રમાણેનું બિલીંગ કરવાનું રહેશે. |

| | |
|---|---|
| ૮ | ખેડૂતો પાસેથી લીધેલ મકાઈના બાયોમાસનું એન્ટરપ્રીન્યોરે પોતાની જગ્યામાં **સાયલેજની બેલ** બનાવવાની રહેશે જે માટેની કામગીરીના પોષતા ભાવો નીચે મુજબના કોષ્ટકમાં ભરી આપવાનું રહેશે. |

| ક્રમ | કામગીરીની વિગત | ભાવ પ્રતિ કી.ગ્રા. |
|---|---|---|
| અ | હાર્વેસ્ટરથી થતો લણણી ખર્ચ પ્રતિકી.ગ્રા.<br>અ. પ્રતિ એકરે મકાઈ પાકનું ઉત્પાદન:-<br>બ. પ્રતિ એકર હાર્વેસ્ટિંગ ખર્ચ :- | =બ/અ |
| બ | મકાઈના બયોમાસને નિયત સાઈઝમાં ચોપીંગ કરવાનો ખર્ચ પ્રતિકી.ગ્રા. | |
| ક | મકાઈના બાયોમાસને ખેડૂતના ખેતરથી નક્કી કરેલ જગ્યા સુધી લાવવાનું ભાડું અથવા વાહન ખર્ચ પ્રતિ કી.ગ્રા. | |
| ખ | ખેડૂતના ખેતરમાંથી મકાઈના બાયોમાસને ઉપાડવાનો ખર્ચ તેમજ એન્ટરપ્રેનીઅરની નિયત કરેલ જગ્યાએ ખાલી કરવાનો મજુરી ખર્ચ પ્રતિ કી.ગ્રા. ખર્ચ. | |
| ગ | ફરીથી એન્ટરપ્રેનીઅરના ગોડાઉનમાં,બાયોમાસને સાયલેજ તૈયાર કરવા મજુરોને અપાતો મજુરીખર્ચ, પ્રતિ કી.ગ્રા. | |
| ઘ | સાયલેજ બનાવવા કલ્ચર કે દવા ભેળવવાનો ખર્ચ પ્રતિ કી.ગ્રા.ખર્ચ. | |
| ચ | બેલ્સ માટે વપરાતા પ્લાસ્ટિક મટેરીઅલ(૨૨ આંટા-૮૦-૧૦૦ કિ.ગ્રા. ) માટે પ્રતિ કિલો ખર્ચ<br>બેલ્સ માટે વપરાતા પ્લાસ્ટિક મટેરીઅલ(૧૫ આંટા-૮૦ -૧૦૦ કિ.ગ્રા )માટે પ્રતિ કિલો ખર્ચ | |
| છ | સાયલેજ બનાવવાનો પ્રતિ કિ.ગ્રા. કુલ ખર્ચ (ક્રમનં અ થી ચ ) | |
| જ | એન્ટરપ્રીન્યોરને ઉપરોક્ત સાયલેજ બનાવવા સુધીના (ક્રમનં અ થી ચ ) કામ કરવા માટેનું પ્રતિ કી.ગ્રા. કમિશન. | |
| ઝ | પ્રતિ કી.ગ્રા. સાયલેજ ખર્ચ (ક્રમ છ અને જ ) | |

| | |
|---|---|
| ૯ | એન્ટરપ્રીન્યોરે પોતાની જગ્યામાં બનાવેલ સાયલેજની બેલ તેમજ સુકોચારો અને કોન્સન્ટ્રેટનો ઉપયોગ કરીને **ટી.એમ.આર** બનાવવાની કામગીરીની વિગત અને તે માટેના ભાવ. |

| | | |
|---|---|---|
| | ટી.એમ.આર માટે જરૂરી સુકોચારો એન્ટરપ્રીન્યોરે જાતે ખરીદવાનો રહેશે | બનાસડેરી સુકાચારા માટે સપ્લાયરો સાથે રેટકોન્ટ્રક્ટ કરશે અને મુકેલ ઈન્ડેન્ટ/માગણી મુજબ બનાસડેરી સુકોચારો પુરો પાડશે પરંતુ સુકાચારાની ખરીદી માટે એન્ટરપ્રીન્યોરને કોઈ ફરજ પાડવામાં નહિ આવે પરંતુ બનાસડેરી ક્વાલિટી ચોક્કસથી ચેક કરશે. |
| | ટી.એમ.આર માટે જરૂરી કોન્સન્ટ્રેટ/દાણ એન્ટરપ્રીન્યોરે જાતે ખરીદવાનું રહેશે | બનાસડેરી કોન્સન્ટ્રેટ/દાણ એન્ટરપ્રીન્યોરે આપેલ ઈન્ડેન્ટ/માગણી મુજબ પૂરું પાડશે પરંતુ કોન્સન્ટ્રેટની ખરીદીમાટે એન્ટરપ્રીન્યોર ઉપર કોઈ ફરજ પાડવામાં નહિ આવે પરંતુ બનાસડેરી ક્વોલિટી ચોક્કસથી ચેક કરશે |
| ૧૦ | પશુના દૂધ ઉત્પાદનની ક્ષમતા મુજબ અલગ-અલગ રેસીપીથી ટી.એમ.આર.બેગ ૪૫ કી.ગ્રા. પેકીંગમાં બનાવવાની રહેશે. જે રેસીપીની વિગત નીચે મુજબ છે. | બનાસડેરી પશુઓની દૂધ ઉત્પાદન ક્ષમતા મુજબની અલગ અલગ ટી.એમ.આર. રેસીપી એન્ટરપ્રીન્યોરને આપશે. |

| રેસીપી અ | | રેસીપી બ | | રેસીપી ક | |
|---|---|---|---|---|---|
| કોન્સન્ટ્રેટ | ૨૦ | કોન્સન્ટ્રેટ | ૨૦ | કોન્સન્ટ્રેટ | ૩૦ |
| સુકોચારો | ૧૦ | સુકોચારો | ૩૦ | સુકોચારો | ૩૦ |
| સાયલેજ | ૭૦ | સાયલેજ | ૫૦ | સાયલેજ | ૪૦ |

| | |
|---|---|
| ૧૧ | ટી.એમ.આર. અલગ-અલગ (અ,બ,ક)રેસીપી થી બનાવવા માટેના પોષતા ભાવ નીચેના કોષ્ટકમાં એન્ટરપ્રીન્યોરે ભરવાના રહેશે. |

| ક્રમ | કામગીરી | પ્રતિ કી.ગ્રા.ભાવ. |
|---|---|---|
| અ | ટી.એમ.આર. માટેના મટેરીઅલ ને અલગ અલગ જગ્યાએથી ઉપાડી ટી.એમ.આર.મિક્ષર્ માં નાખવું તેમજ તૈયાર મિક્ષર ૪૫ કી.ગ્રા.પ્લાસ્ટિક બેગમાં ભરવું અને તેનું ફરીથી જરૂરિયાત મુજબ ડીસ્પેચ વાહનમાં લોડ કરવાની મજુરી પ્રતિ કી.ગ્રા.ખર્ચ. | |
| બ | ટી.એમ.આર બનાવવા કલ્ચર કે દવા ભેળવવાનો પ્રતિ કી.ગ્રા.ખર્ચ | |
| ક | ૪૫ કિલો પેકિંગ માટે વાપરતા પેકિંગ મટીરીયલ નો ભાવ પ્રતિ કિલોગ્રામ | |
| ખ | એન્ટરપ્રીન્યોરને ટી.એમ.આર બેગ ૪૫ કી.ગ્રા. બનાવી વેહિકલમાં લોડ કરી આપવા સુધીનું (ક્રમ નં અ,બ,ક )જણાવ્યા મુજબના કામ કરવા માટેનું પ્રતિ કી.ગ્રા. ખર્ચ . | |
| | અ રેસીપી મુજબ | |
| | બ રેસીપી મુજબ | |
| | ક રેસીપી મુજબ | |
| ગ | એન્ટરપ્રીન્યોરને ટી.એમ.આર બેગ ૪૫ કી.ગ્રા. બનાવી વેહિકલમાં લોડ કરી આપવા સુધીનું કમિશન પ્રતિ કી.ગ્રા. | |

| | | | |
|---|---|---|---|
| | ઘ | એન્ટરપ્રીન્યોર ટી.એમ.આર બેગ ૪૫ કી.ગ્રા. ડીસ્પેચ વાહનમાં લોડ કરીને બનાસ યુનિયનને આપે ત્યાં સુધીનું કોસ્ટિંગ પ્રતિ કી.ગ્રા. બનાસની પડતર (ક્રમ નં. ખ અને ગ ભેગા કરી રેસીપી પ્રમાણે ભાવ આપવા ) | |
| | | અ રેસીપી મુજબ | |
| | | બ રેસીપી મુજબ | |
| | | ક રેસીપી મુજબ | |
| ૧૨ | | ટી.એમ.આર ટ્રાન્સપોર્ટેશન કિંમત -ખેડૂતના ખેતર સુધી પહોંચાડવાના ભાવ પ્રતિ કી.ગ્રા | |
| ૧૩ | | એન્ટરપ્રીન્યોરે ટી.એમ.આર બેગ ૪૫ કી.ગ્રા. પોતાના ડીસ્પેચ વાહનમાં લોડ કરીને બનાસ યુનિયનને આપેલ લીસ્ટ મુજબના ગામમાં ખેડૂતના ખેતરે પહોંચાડી આપે ત્યાં સુધીનો કુલ ભાવ | |
| | | અ રેસીપી મુજબ | |
| | | બ રેસીપી મુજબ | |
| | | ક રેસીપી મુજબ | |

આવશ્યક નોંધ (એન્ટરપ્રીન્યોર માટે):

ક્રમ નં ૭ માં ખેડૂતોને ચુકવવાના પોષણક્ષમ ભાવ એન્ટરપ્રીન્યોરે લખવા

ક્રમ નં ૮ માં સાયલેજ બનાવવાના ક્રમાનુસાર કમિશન સાથેના ભાવ લખવા અથવા ઝ કોલમમાં સીધાજ ભાવ પણ લખી શકો છો.

ક્રમ નં ૧૧ ,૧૨ માં ટી એમ આર બનાવવાના ક્રમાનુસાર ભાવ પણ આપી શકો છો અથવા ક્રમ નં ૧૩ માં સીધાજ ટી.એમ.આર ખેડૂતના ખેતરસુધી પહોંચાડવાના કમિશન સાથમાં ભાવ પણ લખી શકો છો.